નમસ્કાર ગાંધીનગર

પમરાટ

જો નમવું જ હો તો નમી પણ શકે છે,
સંબંધો એ રીતે નભી પણ શકે છે.

ન મળવું ય મળવા બરાબર ગણીને,
મનોમન ગમે ત્યાં મળી પણ શકે છે.

સતત અણગમો હો સકારણ છતાંયે,
અકારણ એ વ્યક્તિ ગમી પણ શકે છે.

ન ટેકા, ન ત્રાપા ન નળિયાં સલામત,
છતાં ખોરડું એ ટકી પણ શકે છે.

- વારિજ લુહાર

પાથેય

- રમેશ ઠક્કર

શક્યતાઓનો શણગાર

શક્યતાઓના સીમાડા હોય છે.આપણે જાતજાતની ધારણાઓ કરતા રહીએ છીએ.આપણી પાસે અપેક્ષાઓનો જમાવડો? છે.સતત કશુંક પામવાની ઝંખના માણસને સતાવે છે.એટલી જ સતામણી કશુંક ગુમાવવાની પણ હોય છે.આ બંને છેડાઓ વચ્ચે માણસ પોતાનાથી શું થઈ શકે? પોતે શું પામી શકે ? એવી અટકળો કરતો રહે છે.મનોમન હરખાતો રહે છે.માણસ જે? પણ ઈચ્છે? એના મનોજગતની બારીઓ અપાર શક્યતાઓને આવકારવા હંમેશાં ઊભી હોય છે.

પોતાનો સ્વભાવ કેવો? રાખવો અથવા તો સામેની વ્યક્તિને કેવો પ્રતિભાવ આપો એ માણસની પોતાની પસંદગી હોય છે. આપણે કારણ વગર અકળ રહેતા હોઈએ છીએ.એટલે જ ઘણા લોકોના પ્રેમથી વંચિત રહી જઈએ છીએ.નમ્રતા એક એવો ગુણ છે જે માણસને ઘણી બધી અનુકૂળતાઓ કરી આપે છે.એ માટે કોઈ ફરજ નથી પાડતું એ આપણી પોતાની પસંદગી હોય છે.સંબંધોમાં એકમેક માટેની લાગણી અને પરસ્પરનો વિશ્વાસ આવશ્યક છે.જતું કરવાની ભાવના રાખીને સંબંધ નિભાવી શકીએ એ વાત મહત્વની છે.સાચો સંબંધ એ પછી જ સામે આવતો હોય છે.

આમ જોઈએ તો મનથી વધીને બીજો કોઈ ફળદ્રુપ પ્રદેશ જ નથી.માણસ ત્યાં લાગણીઓના ઈચ્છાઓના વાવેતર કરી શકે છે.મનના ખેલ નિરાળા છે.આપણે કોઈને મળવું હોય તો એની પાસે જવું પડે છે.આપણા ચરણોને કષ્ટ આપવું પડે છે. પરંતુ માણસ આવું કશું જ કર્યા વગર મનોમન પણ કોઈ પણ વ્યક્તિને મળી શકે છે.મનનો આ વિહાર સાચે જ અનોખો છે.

કહેવાય છે કે દરેક વ્યક્તિની એક નિયતિ હોય છે.એનું પોતાનું ભવિષ્ય હોય છે. આ ભવિષ્ય લખે છે એ સમજવું આપણા ગજા બહારની વાત બની જાય છે.એટલે જ કોઈપણ વ્યક્તિની શક્યતાઓ કે શક્તિઓને આપણે સામાન્ય માનવી જોઈએ નહીં. તમે કોઈપણ વ્યક્તિને કારણો સહિત અવગણતા હોય તો પણ ક્યારેક એવો પ્રસંગ સામે આવીને ઊભો રહી જાય છે કે તમને એ વ્યક્તિ ગમવા માંડે છે ! એ તમારી પ્રિય પાત્ર બની જાય છે.ઘણા લોકો એવા મિથ્યાભિમાનમાં રાચતા રહે છે કે પોતે જ ઘણા લોકો માટે રાહબર છે.એમના થકી જ અમુક લોકો પ્રગતિ કરી શક્યા છે.અથવા તો સાધન સંપન્ન થઈ શક્યા છે આનાથી મોટો બીજો કોઈ બ્રહ્મ ના હોઈ શકે ! કોઈ જર્જરિત ઘર કે મકાનને જોઈ લેજો.ઘણીવાર એ એક નાનકડા ટેકા કે તરાપાના આધારે ટકી રહ્યું હોય છે.બાહ્ય રીતે જોતાં કોઈપણ ટેકો સલામત ન લાગે મ.છતાં એ ખોરડું અડીખમ બનીને ઊભો રહ્યું હોય છે. કોઈકને ટકાવી રાખવાની કે કોઈકના રાહબર બનવાની માણસના દાવાઓ કેટલા પોકળ હોય છે એ આવા સમયે અનુભવાય છે.હકીકત એ છે કે દરેક માણસ પોતાના જ આંતરિક ટેકાથી જગતમાં ટકી રહ્યો હોય છે.એ ટેકો આપનાર કોણ છે?? એનો? જવાબ શોધવો કે? એ રહસ્ય પામવું ખૂબ જ રસપ્રદ હોય છે..!

માણસનું શરીર ૧૨૫ વર્ષ તો રમતાં રમતાં ચાલે: વાત વિશ્વની સૌથી ઉંમરલાયક વ્યક્તિ ૧૨૬ વર્ષીય સ્વામી શિવાનંદની

માણસના શરીરનું આયુષ્ય કેટલું? ઘણા લોકો કહે છે કે જો આપણે આપણા શરીરને નડીએ નહીં તો તેને ૧૨૫ વર્ષ કંઈ જ ના થાય. આપણને મળેલા શરીર દ્વારા ૧૨૫ વર્ષ તો આરામથી જીવી શકાય.

ભારતની એક વ્યક્તિએ આઠમી

ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ ૧૨૬ વર્ષ પૂરાં કર્યાં.

એ વ્યક્તિનું નામ છે, સ્વામી શિવાનંદ. શિવાનંદબાબા તરીકે પણ તેઓ ઓળખાય છે. તેઓ ૧૯૭૯થી વારાણસી (કાશી-બનારસ)માં વસે છે. તેમનો જન્મ આઠમી ઑગસ્ટ, ૧૮૯૬ના રોજ પ. બંગાળના શ્રીહાતા (અત્યારે બાંગ્લાદેશમાં)માં થયો હતો.

સ્વામી શિવાનંદ ૧૨૬ વર્ષે હેમખેમ છે, ખખડધજ છે. (ખખડધજનો સાચો અર્થ છે અડીખમ, મજબૂત બાંધાનું.) તેઓ હરે છે ફરે છે અને મજા કરે છે. જુઓને વિદેશ પ્રવાસ કરે છે. ૧૨૬માંથી ૩૬ વર્ષ તો તેઓ યોગનો પ્રસાર કરવા વિદેશમાં રહ્યા છે. તેમનામાં પ્રેમ, સંવેદના અને કરુણા ભારોભાર છે. તેઓ સતત લોકોની સેવા કરવામાં માને છે.

ના, તેઓ ગર્ભશ્રીમંત નથી કે નથી કોઈ મોટા ઘરના પુત્ર. તેમનાં માતા-પિતા અને બહેન ભીખ માગીને પેટનો ખાડો પૂરતાં હતાં. એનો અર્થ એ થયો કે એક ભિખારીનો દીકરો વિશ્વની સૌથી ઉંમરલાયક વ્યક્તિ બન્યો છે. સીધી વાત છે કે પૈસાને અને લાંબી ઉંમરને કાંઈ સંબંધ નથી. તેઓ છ વર્ષના હતા અને તેમણે પોતાનાં માતા-પિતા ગુમાવી દીધાં. તેમનો ઉછેર એક ગુરુએ કર્યો. સ્વામી શિવાનંદબાબા વિધિસર શિક્ષણ લઈ શક્યા જ નથી. હા, તેમના ગુરુએ તેમને બધું શીખવાડ્યું. તેઓ સરસ અને સાચી અંગ્રેજી બોલી શકે છે. વિશ્વના મીડિયાને અંગ્રેજીમાં મુલાકાતો આપે છે. તેમના લાંબા આયુષ્યનું રહસ્ય શું?

સાદું, સરળ અને શિસ્તબદ્ધ જીવન. અને હા, યોગ અને બ્રહ્મચર્ય. તેઓ પરણ્યા નથી. નિયમિત યોગ કરે છે. યોગ શીખવે પણ છે. તેઓ કહે છે કે તનાવમુક્ત રહીને લાંબુ જીવી શકાય છે.

તેઓ શું ખાય છે?

તેલ અને મસાલા વિનાની બાફેલી દાળ અને ભાત. અને હા, તેઓ દૂધ કે ફળ ખાતા નથી. તેમનું માનવું છે કે એ શરીર માટે યોગ્ય નથી.

તેઓ જીવનમાં કદી માંદા પડ્યા જ નથી. એક વખત સાત કલાક માટે એપોલો હોસ્પિટલમાં ગયેલા. ના ભાઈ ના, કોઈ સારવાર માટે નહીં રુટિન ચેકઅપ માટે. તેમના બધા ટેસ્ટ નોરમલ આવે છે.

તેઓ ઠીંગણા છે. તેમની ઊંચાઈ પાંચ ફૂટ બે ઈંચ છે. તેઓ દરરોજ શેતરંજી પર સૂઈ જાય છે. લાકડાના એક બોક્ષનો ઓશિકા તરીકે ઉપયોગ કરે છે. તેઓ દરરોજ સવારે ત્રણ વાગ્યે ઊઠી જાય છે. યોગ, પ્રાર્થના અને જપ એ તેમનો નિત્યક્રમ છે.

તેઓ દાન લેતા નથી. ઉપરથી તેઓ દાન આપે છે. પોતાનાં કાર્યો પોતે જ કરવાનો આગ્રહ રાખે છે.

તેઓ માને છે કે લોકોએ આનંદિત, સ્વસ્થ અને શાંતિપૂર્ણ જીવન જ જીવવું જોઈએ. તેઓ આજની સ્થિતિથી દુ:ખી છે. કહે છે કે પહેલાં તો લોકો ઓછી જરૂરિયાતમાં ખુશ રહેતા. હવે લોકો દુ:ખી, અસ્વસ્થ અને બેઈમાન થઈ ગયા છે. તેમને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કામગીરી ગમે છે. તેઓ કહે છે કે મોદીએ ભારતમાં એવું કરવું જોઈએ કે કોઈ ભૂખ્યું ના રહે. તેમનું કહેવું છે કે વિશ્વમાં દરેક વ્યક્તિને જમવાનું તો મળવું જ જોઈએ. એક પણ વ્યક્તિ, કોઈ પણ દિવસ ભૂખી ના સૂઈ જવી જોઈએ.

★★

મહાત્મા ગાંધી ૧૨૫ વર્ષ જીવવા માગતા હતા. ભલે આપણા શરીર પર ક્યાંક expiry date નથી લખેલી હોતી પણ તેની રચના અને તેમાં વપરાયેલી સામગ્રીને આધારે કહી શકાય કે જો તેને યોગ્ય રીતે વાપરવામાં આવે તો તે ૧૨૫ વર્ષ તો ચાલે જ.

સ્વામી શિવાનંદબાબાના જીવનમાંથી આપણે શીખ લેવાની હોય તો એટલી જ કે આપણે..

૧. પ્રેમ, સંવેદના અને કરુણાને જીવનમાં સ્થાન આપીએ.
૨. જરૂરિયાતો ઓછી કરીએ.
૩. સાદું જીવન જીવીએ.
૪. શિસ્તબદ્ધ જીવન જીવીએ.
૫. સાદું જમીએ.
૬. યોગ કરીએ અથવા વૈકલ્પિક શારીરિક પ્રવૃત્તિ કરીએ.

સ્વામી શિવાનંદના પાસપોર્ટ, આધાર કાર્ડ વગેરે પર તેમની જન્મ તારીખ ૦૮-૦૮-૧૮૯૬ લખેલી છે, પણ તેનો ઠોસ આધાર કોઈ નથી. હા, મંદિરનું પ્રમાણપત્ર છે. અધિકૃત પૂરાવો ના હોવાથી તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયું નથી.

ના નોંધાયું તેનાથી કંઈ તેમને કોઈ ફરક પડતો નથી.

છેવટે પૃથ્વી પર આ એક એવો માણસ છે જે ઓગણીસમી, વીસમી અને એકવીસમી એમ ત્રણ ત્રણ સદીમાં જીવ્યો છે.

આવી ઘટના લાખો વર્ષમાં ભાગ્યે જ બનતી હોય છે.

અમે ઑગસ્ટ ૨૦૨૨માં કાશી-વારાણસી-બનારસમાં ગયાં હતાં. અમે વિચાર્યું કે, તેમને મળીએ. જે મોબાઈલ નંબર ઉપલબ્ધ હતો તેના પર ફોન કર્યો, ના લાગ્યો. મેસેજ મૂકી દીધો. રાહ જોઈ.

એક દિવસ અમે તેમના નિવાસસ્થાનના વિસ્તારમાં હતા. થયું કે, ચાન્સ લઈએ. અમે એક ઢળતી બપોરે પહોંચી ગયાં. તેઓ ના મળ્યા, તેમનો નાનકડો આશ્રમ પણ બંધ હતો. જોકે તેમનું બીજું નિવાસસ્થાન નજીક હતું. અમે ચાલતાં ચાલતાં ત્યાં જતાં હતાં ને રસ્તામાં જ તેમના સહયોગી મળી ગયા.

તેમણે કહ્યું કે, આજે સવારે જ તેઓ એક કાર્યક્રમમાં હૈદરાબાદ ગયા.

લો કરો વાત! ૧૨૬ વર્ષે પણ આ માણસ ઘરે રહેતો નથી. નવાઈ લાગે તેવી વાત. સહયોગીએ કહ્યું કે, તમે ગઈકાલે આવ્યા હોત તો ચોક્કસ મળત. એ દિવસે પણ અમે એ વિસ્તારમાં જ હતાં પણ અમને એવું સૂઝ્યું નહીં.

સહયોગીએ અમને શિવાનંદ બાબાનો નાનકડો આશ્રમ ખોલીને બતાવ્યો. આમ તો આશ્રમ જેવું ખાસ નથી. ફ્લેટની નીચેના મકાનમાં તેમણે આશ્રમ બનાવ્યો છે. થોડાં ઝાડ-પાન હતાં. ભગવાનની પ્રતિમા હતી. હનુમાનજી અને ગણપતિની એક સાથે સુંદર પ્રતિમા હતી. જે કાચના કબાટમાં હતી. એક પથારી હતી એટલે મેં પૂછ્યું કે, બાબા આના પર સૂઈ જાય છે?

સહયોગીનો જવાબ: ના ના... આ તો કોઈએ આગ્રહથી આપી છે. બાકી બાબા તો જમીન ઉપર જ સૂઈ જાય છે.

૧૨૬ વર્ષના થવું હોય તો જમીન પર સૂવું પડે.

એક વાર વિનોબાને તાવ આવેલો. શરીરશ્રમ કરીને તેઓ આવ્યા એટલે વિજયાબહેને તેમને કહ્યું કે બાબા બેડ પર સૂઈ જાઓ. જમીન પર સૂતાં વિનોબાએ કહ્યું કે, હું તો મારી માની ગોદમાં જ સૂઈશ.

આવો હોય છે જમીન સાથેનો નાતો.

શિવાનંદ બાબા એક અજાયબી જેવા છે. ૧૨૬ વર્ષે હેમખેમ છે. એવું પણ મન થયું કે, તેમને અમદાવાદ-ગુજરાતમાં બોલાવીએ. તેમનાં પગલાંથી આ ભૂમિ પાવન થાય.

તેમને પદ્મશ્રી અપાયો ત્યારે તેમણે સરસ રીતે પોતાની નમ્રતા (ખરેખર તો મહાનતા) રજૂ કરી હતી.

(શિવાનંદ બાબાના સહયોગી સુશાંતભાઈનો સંપર્ક નંબર ૭૪૭૮૨૦૯૦૦૯ છે.)

ઈશ્વર સાથે થયેલી વાતો મને ધૂંધળી દેખાવા લાગી હતી

કોઈએ મને પૂછ્યું: આ જીવનનો અર્થ શો છે
મેં કહ્યું: મને ખબર નથી
મને ખબર નથી આ સૂરજમુખીનું ફૂલ
રોજ સવારે શી રીતે હસી શકતું હશે
અને કોયલ શી રીતે લાલ કરી મૂકતી હશે વસંતને
પોતાના ટહુકાથી વરસે વરસે?
મને ખબર નથી વારે વારે પડી જવા છતાં
શિશુ શા માટે આટલો બધો આગ્રહ રાખે છે
પોતાનાં પગલાં પાડવાનો?
ને કદમ્બના વૃક્ષ નીચે બેઠેલા પ્રેમીઓની હથેળીને
મધુર વાચા શી રીતે ફૂટતી હશે?
મને ખબર નથી.
પણ
જ્યારે
ફૂલો શહેરમાં વસવા આવશે કાયમ માટે
ને કોકિલા જ્યારે બેંકમાં દસથી છ
સર્વિસ કરશે અને
આકાશ જ્યારે નીચે નમી નમીને
રફમા માળની અગાશીને પ્રેમ કરશે
ત્યારે હું પણ પૂછીશ:
આ બધાંનો અર્થ શો છે?"

- વિપિન પરીખ

જીવન એટલે શું ?? જીવનનો અર્થ શું ?? આ પ્રશ્ન સતત સૌને મૂંઝવતો રહ્યો છે. આજે જીવન વિષેની સમજણ આપતી પ્રેરક બે-એક વાત આપની સમક્ષ મૂકવી છે :

સભામાં વક્તાનું ભાષણ પૂરું થયું એટલે એક શ્રોતાએ ઊભા. થઈને પૂછ્યું : "સાહેબ, જીવનનો અર્થ શું? જરા સમજાવશો ?"

સામાન્ય રીતે બને છે તેમ સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું અને શ્રોતાઓ ઊભા થઈ ચાલવા લાગ્યા, પણ વક્તાએ હાથ ઊંચો કરી સૌને સહેજ થોભી જવા વિનંતી કરી. પ્રશ્ન પૂછનાર તરફ તેમણે એક ઊંડી નજર કરી. "હું એમના પ્રશ્નનો જવાબ આપું છું." એમ કહી વક્તાએ પાકીટ કાઢ્યું અને એક રૂપિયાના સિક્કા જેવડો અરીસાનો નાનો ગોળ ટુકડો કાઢ્યો. મખમલના કપડામાં સાચવીને મૂકેલો હતો.

પછી વક્તાએ પોતાની વાત માંડી: "ખૂબ દૂરના એક ગામડામાં અમે રહેતા હતા. અમે બહુ ગરીબ હતા. એક વાર એવું બન્યું કે મોટરસાઇકલના અરીસાના ટુકડા મેં રસ્તા પર પડેલા જોયા. બધા ટુકડા ભેગા કરી આખો અરીસો બનાવવા મેં પ્રયત્ન કર્યો પણ એ બને એમ ન હતું. એટલે મેં સૌથી મોટો ટુકડો લઈ લીધો. એને પથ્થર સાથે ઘસી ઘસીને ગોળ બનાવી દીધો. મેં રમકડા તરીકે એનાથી રમવા માંડ્યું. આ ટચૂકડા અરીસાની મદદથી પ્રકાશનું પરાવર્તન કરવાની મને ભારે મજા પડતી. જ્યાં સૂર્યનો પ્રકાશ કદી પહોંચી શકે એમ ન હોય એવા અંધારા ખૂણામાં, ખાંચામાં કે અંધારિયા ભીંતકબાટમાં દર્પણની મદદથી પ્રકાશ ફેંકી શકવાથી મારા આશ્ચર્યનો અને આનંદનો પાર રહ્યો નહીં. સૂર્યનો પ્રકાશ કેમેય પહોંચે એમ ન હોય એવી જગ્યાઓમાં પ્રકાશ પહોંચાડવાની રમત હું બહુ રમતો.

"મોટો થતો ગયો તોય આ ટચૂકડું દર્પણ મેં છોડ્યું નહીં. જ્યારે ફુરસદ મળતી ત્યારે એનાથી જાત જાતની તરકીબો કરી રમતો. હું પુખ્ત વયનો થયો ત્યારે મારામાં એક એવી સમજ ઊગી કે આ કાંઈ બાળકની રમત નથી, પણ જીવનમાં શું કરી શકાય તેનો આમાં સંકેત છે.

ભલે, હું પોતે પ્રકાશ નથી કે પ્રકાશનું મૂળ પણ નથી પણ પ્રકાશનું અસ્તિત્વ તો છું જ. સત્ય, સાચી સમજ અને પ્રેમરૂપી આ. પ્રકાશ હું મારા આચરણ દ્વારા પરાવર્તિત કરું તો ? અંધકારભર્યાં ઘણાં સ્થળોએ પ્રકાશ પહોંચાડી શકાય."

"જે મહાન દર્પણનો હું અંશમાત્ર છું એના સમગ્ર આકાર વિશે ભલે મને કશું જ્ઞાન ન હોય છતાં મારી પાસે જે છે એ દ્વારા હું આ જગતની અંધારી જગ્યાઓમાં પ્રકાશ જરૂર ફેંકી શકું. મતલબ કે માણસોના હૃદયમાં જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ પહોંચાડી શકું અને અમુક લોકોમાં તો કેટલીક બાબતો બદલી પણ શકું. મારું આ કાર્ય જોઈ કદાચ બીજા પણ આમ કરવા લાગે. હું તો આમ કરતો રહું છું. મારે મન જીવનનો અર્થ આ છે."

Last Seen :

ઈશ્વરને યાદ કરતાં-કરતાં જ નિંદર આવી ગઈ હતી;
ને પછી સ્વપ્નમાં પણ ઈશ્વરની મૂર્તિ દેખાવા લાગી હતી.
વિસરી ગયેલી બધી વાતો યાદ આવવા લાગી હતી;
ને પછી ઈશ્વર સાથે થયેલી વાતો સંભળાવા લાગી હતી.
માતાના ગર્ભમાં રહી તું તો સતત મારું જ નામ લેતી હતી;
ને પછી 'મને અહીંથી ઉગારો' એવી પ્રાર્થના પણ કરતી હતી.
'તમને ક્યારેય નહી ભૂલું' એવું તું સતત કહ્યા કરતી હતી;
'તમને જ અર્પણ છે મારું જીવન'એવું વચન પણ આપતી હતી.
ઈશ્વર સાથે થયેલી વાતો મને ધૂંધળી દેખાવા લાગી હતી;
મને ઉગારનારને જ હું ભૂલી,એવો પશ્ચાતાપ કરવા લાગી હતી.
'દુનિયા સ્વાર્થી છે'એવું હું હંમેશા કહ્યા કરતી હતી;
ને અહી 'સ્વાર્થી' તો હું પોતે જ દેખાતી હતી,
સ્વપ્નમાં આવીને ઈશ્વરે મને જીવનનો સાચો અર્થ સમજાવ્યો હતો;
મારી બધી ભૂલોને ભૂલીને,તેમની કરુણાનો મને અહેસાસ કરાવ્યો હતો.

-ઉર્વશી બ્રહ્મભટ્ટ "ઉદ્યમી"

- nehalgadhavi 101@gmail.com

ધ કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ એમેડમેન્ટ એક્ટ ૨૦૧૨

ધ કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ એમેડમેન્ટ એક્ટ ૨૦૧૨ દ્વારા કોપીરાઈટ એક્ટનો ભાવિ અમલ કરવામાં આવેલ. આ એક્ટનો અમલ ૨૧ જાન્યુઆરી ૧૯૫૮ માં મૂકવામાં આવેલ જે પહેલા બ્રિટિશ એમ્પાયરની નીચે કોપોરાઈટીંગ એક્ટ ૧૯૫૭માં સ્વતંત્ર રીતે શરૂ કરવામાં આવેલ પરંતુ, ૧૯૫૭ બાદ સને ૨૦૧૨ માં ભારતમાં સ્પે. એમેડમેન્ટ લાવવામાં આવેલ. ભારત સરકારે કોપીરાઈટ ના કાયદાને મિહિ ઝ્હદ્દીહૈંહ ઙ્ગ્ક ૧૯૮૬ જે પેરીસના કાયદા ૧૯૭૧ને મોડીફાઈડ કરીને કાયદો બહાર પાડવામાં આવેલ. તેમજ યુનિવર્સલ કોપીરાઈટ કન્વેન્સન એક્ટ ૧૯૫૧ અને ધી રોમ કન્વેન્શન ૧૯૬૨ તથા ટ્રેડ એગ્રીમેન્ટ ને સંબંધીત દરજ્જો આપવામાં આવેલ.લાયસન્સ લીધા સીવાય કોઈપણ મ્યુઝીક કંપનીના ગીતો વગાડવાએ કોપીરાઈટ એક્ટ ૧૯૭૫ ની કલમ-૫૧ મુજબ ગુનો બને છે.

કોપીરાઈટ એક્ટ કાયદામાં ખૂબ જ બહોળા પ્રમાણમાં હક્કો આપવામાં આવ્યા છે. જેમાં શિક્ષણ, સાહિત્ય, નાટક, સંગીત, ગાયન, તથા આર્ટીસ્ટીક વર્ક નો તેના ઉત્પાદનોનો તથા કોઈપણ સર્જકના સર્જનનો આ એક્ટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે મુજબ કોઈપણ સર્જકની પરવાનગી, મંજુરી કે સહમતી સીવાય કોઈપણ સર્જક કે સર્જન ની કૃતી કે સર્જન નો જેમ છે તેમ અગર તો તેમાં આંશીકપણે ફેરફાર કરી મૂળકૃતીને પરિવર્તન કરી ફેરફાર કરીને તેમજ સુધારા વધારા કરીને કોઈપણ વ્યક્તિ આવી કૃતી સર્જન કે પ્રોડક્ટ તેમજ ઉત્પાદન ને પોતાનું ગણાવી તેને વેચાણ કરી નાણાકીય નફો કે રોયલ્ટી મેળવી શકે નહી. જો તેમ કરવામાં કોઈપણ વ્યક્તિ કસૂર કરે, કરાવે તો તેને કોપીરાઈટ એક્ટ ૧૯૫૮ તથા એમેડમેન્ટ ૨૦૧૨ ની કલમ મુજબ સજા તથા દંડ અગર તો બન્ને ના કસુરવાર કોર્ટ દ્વારા ઠરાવી સજા કરવામાં આવે છે.

કોપીરાઈટ એક્ટમાં રી પ્રોડકશન ઓફ વર્ક એટલે કે પુન: એજ વસ્તુનું મૂળસ્વરૂપ માં કે તેમાં આંશીક ફેરફાર કરી રીલોન્ચ કરવા નાણા કમાવવા તેનો ઉપયોગ સર્જકની સંમતી સીવાય કરવો એ ગુનો બને છે.

આજકાલ ફીલ્મ ઈન્ડસ્ટ્રીજમાં તથા સાહિત્ય જગતમાં કોઈપણ જુના ગીત, ગઝલ, મુકતા, કાવ્ય તથા સંગીતને નવીન ઢાળમાં મૂકી રીલોન્ચ કરવાનો ટ્રેડ ચાલ્યો છે. જેમાં બધા સામે કોપીરાઈટના ભંગના કેસો થવા પામેલ છે.

કોઈપણ કાર્યના સર્જકને પ્રથમ રકમ કોપીરાઈટનો મળે છે. જે કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ મુજબ સર્જકને સર્જનના ઉત્પતિકે જન્મ આપવાથી આપોઆપ મળી જાય છે. તેમજ કામના પ્રકાર તથા કોન્ટ્રાક્ટ ઓફ સર્વિસને અનુરૂપ કોપીરાઈટ એક્ટની વ્યાખ્યામાં પણ ફેરફાર થતો જાય છે. કોઈપણ બે કે તેથી વધારે સર્જકો, લેખકોએ સર્જેલ કૃતી કે સર્જન ને કોપીરાઈટ એક્ટ કલમ-૨(૨) મુજબ તેના રાઈટ મળે છે. જે પાર્ટનર કે સહાયકની સમજૂતી, સહમતી સીવાય આવુ સર્જન કે કૃતી કે લેખ, કથા, પટકથા, ગીત, સંગીત, નાટક નો અન્યને ઉપયોગ કરવા માટે કે આવક રળવા માટે પરવાનગી કોઈ એક સર્જક આપી શકતો નથી. જેને જોઈન્ટ ઓનરશીપ ની વ્યાખ્યામાં કોપીરાઈટ એક્ટ ૧૯૫૮માં મૂળભૂત રીતે સમાવેશ કરવામાં આવ્યો છે.



કોપીરાઈટ એક્ટ ૧૯૫૮ની કલમ-૧૯ મુજબ સર્જક નીકૃતી અથવા સર્જનને લખાણથી કરારથી હસ્તાંતર કરવામાં આવે છે. મૂળસર્જક કે લેખકની સંમતિ સીવાય આવું સર્જન કે કૃતિ તેમજ લેખ હસ્તાંતર કરી શકતું નથી તેજમ તેના માટે કોપીરાઈટ એક્ટ મુજબ સમયમર્યાદા નિશ્ચિત કરવામાં આવે છે. ત્યારબાદ આવી કૃતિ ને ફરી કોપીરાઈટ ના કરવામાં આવે તો કામના પ્રકાર પ્રમાણે કોપીરાઈટ એક્ટ નો અમલ અલગ અલગ દેશોમાં પણ થઈ શકે છે. આજના ઈન્ટરનેટ અને વેબસાઈટ યુગમાં દુનિયા નાની થતી જાય છે અને વિશ્વ એક જ હિલકમાં સમાઈ ગયુ છે. તેવા સંજોગોમાં એક દેશની કૃતી કે સર્જનનો ઉપયોગ અન્ય દેશની માતૃભાષામાં થતો હોય અને મૂળકૃતી કે સર્જનનું કોપીરાઈટ કરેલના હોય તો ઈન્ટરનેશનલ કોપીરાઈટ એક્ટ મુજબ ગુનો સર્જક જ્યાં રહેતો હોય ત્યાં જેણે કોપીરાઈટનો ભંગ કરેલ હોય તેની સામે નોંધાવી શકે છે. કોપી રાઈટ એક્ટ ૧૯૫૭ મુજબ તેને માલિકી હક્ક આપો આપ જ મળી જાય છે. બે દેશના સર્જકો એ અલગ હલગ જગ્યાએથી ભેગા મળી એક જ વિષય ઉપર ઈન્ટરનેટના માધ્યમથી કૃતિ લખાણનું કે ગીત, સંગીત, નાટક, સંવાદનું સર્જન કરેલ હોય તો પણ બન્નેને ઈન્ટરનેશનલ કોપીરાઈટ એક્ટ મુજબ તેનો કાયદાકીય લાભ મળે છે. અને ન્યાય મેળવી શકે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in